ભુજ - મંગળવાર ■ તા. ૧૩-૧૨-૨૦૧૧

# વૈકલ્પિક ઊર્જાક્ષેત્રે કચ્છની છલાંગ

ભુજ, તા. ૧૨ : અબડાસાના તેરા નજીક લગભગ ૨૦૦૦ એકર વિસ્તારમાં રૂા. ૪૫૦૦ કરોડના રોકાણ સાથે એશિયાના આ પ્રકારના સૌથી પહેલા અને ભારતમાં સૌથી મોટા અત્યાધુનિક બહુપરિમાણીય અને બહુહેતુક 'ઇન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પાર્ક' સ્થાપવાની આજે ઇન્ડ આર્યા ગ્રીન પાવર પ્રા.લિ.એ જાહેરાત કરી હતી. આ મલ્ટીનેશનલ કંપનીના ભારત ખાતેના એમ.ડી.એ આજે ભુજમાં તેની કંપનીની રાજ્યની વડી કચેરીના તથા કંપનીની નવી વેબસાઇટના ઉદ્‌ઘાટન સાથે ગુજરાતમાં વૈકલ્પિક ઊર્જા ક્ષેત્રે કદમ મૂકવાની વિધિવત જાહેરાત કરી હતી.

અહીં ખાસ બોલાવાયેલી પત્રકાર પરિષદમાં ઉપસ્થિત એમ.ડી.એ. જગન્નાથને દેશમાં કોલસો, તેલ, કુદરતી ગેસ જેવી પરંપરાગત પદ્ધતિથી વીજ ઉત્પાદનથી વધુ પડતો ખર્ચ અને ખાસ કરીને વાતાવરણમાં કાર્બન ઉત્સર્જન જેવા નકારાત્મક પરિબળોની સામે પવન ઊર્જા, સૂર્ય ઊર્જા જેવા પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રોજેક્ટોથી થતા ફાયદાને



ભુજમાં રાજ્યની વડી કચેરીનું ઉદ્‌ઘાટન કરતા ઇન્ડ આર્યા ગ્રીન પાવર કંપનીના એમ.ડી. શ્રી જગન્નાથન અને અન્ય અધિકારીઓ.

**અબડાસામાં ૪૫૦૦ કરોડના રોકાણથી એશિયાનો પ્રથમ સંકલિત ઊર્જા પાર્ક સ્થપાશે**

સમજાવ્યા હતા તથા કચ્છમાં તેમના પ્રોજેક્ટમાં તબક્કાવાર ૨૦૦૦થી ૨૨૦૦ની રોજગારી તકો ઊભી થવાનો અંદાજ મૂકી તેના ૯૦ ટકા સુધી કચ્છ અને ગુજરાતના કર્મચારીઓ મૂકવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

અહીં ઉત્પાદિત વીજળીમાંથી કચ્છને શક્ય વધુમાં વધુ લાભ મળે તેવા પ્રયાસોની ખાતરી આપતાં તેમણે વધુમાં કહ્યું કે, આ વિશિષ્ટ પાર્કમાં માત્ર સોલાર ઉત્પાદન જ નહીં, પરંતુ પવન, બાયોમાસ એનર્જી તેમજ એનર્જી પ્લાન્ટેશનથી પણ વીજળી ઉત્પાદન સમાવિષ્ટ થશે. જોકે, પ્રથમ તબક્કામાં ૩૦૦ મેગાવોટ સૌરઊર્જા તેમજ ૨૫ મેગાવોટની પવનઊર્જાનું ઉત્પાદન થશે. આમ, તે એક જ સ્થળેથી વિવિધ પદ્ધતિથી બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદનનું સૌથી મોટું સ્થળ બનશે. આ ઉપરાંત વાર્ષિક ૫૦૦ મેગાવોટ્‌ની ક્ષમતાની એસવીપી પેનલ્સના ઉત્પાદનની પણ સુવિધા હશે. ૨૦૧૪ સુધીમાં એશિયા પેસિફિક ક્ષેત્રમાં ૩૦૦૦ મે.વો.નો સૌરઊર્જા પ્લાન્ટ સ્થાપવાનું લક્ષ્ય વ્યકત કરી તેનું સંચાલન ગુજરાતમાંથી સેટેલાઇટ દ્વારા કરવાની પણ જાહેરાત કરી હતી.

સૂર્યઊર્જા ક્ષેત્રે ગુજરાતમાં કચ્છને શ્રેષ્ઠ ગણાવતાં તેમણે ભુજની ઇજનેરી અને પોલીટેકનિક કોલેજ ખાતે ભરતીમેળો ગોઠવ્યાની પણ માહિતી આપી હતી. આ પહેલાં કંપનીના ડાયરેક્ટર નટરાજન શેખર અને ગુજરાત પ્રોજેક્ટના વડા મનીષ ભાનુશાલીએ ગુજરાત સરકાર તેમજ કચ્છમાંથી સ્થાનિક લોકો તથા નેતાઓ દ્વારા મળતા સહકારની ખાસ નોંધ લીધી હતી. તેમજ લોકોને વિકાસની ભવિષ્યમાં ઘણી તકો મળશે તેવી ખાતરી ઉચ્ચારી હતી. બાડાના સરપંચ મનજી ભાનુશાલી તથા આ વિસ્તારના અગ્રણી અરજણ ભાનુશાલીએ કંપનીના અધિકારીઓનું બહુમાન કર્યું હતું. ગુજરાત ઓપરેશન્સના સીઓઓ ભાવેશ સૈયાએ આયોજન સંભાળ્યું હતું.